

શહેર કોંગ્રેસના પ્રમુખ ડો. કૌશિક શાહે પદભાર સંભાળ્યો

# નદીમાં ન્હાવા પડેલા બંને યુવાનોની હજુ ભાળ મળતી નથી

## સાદરા પાસે નદીમાં ડુબેલા તથા ભાટ પાસે નદીમાં ન્વાહા પડ્યા બાદ લાપત્તા થયેલા યુવાનની શોધખોળ હજુ ચાલુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક સાદરા અને ભાટ બે વિસ્તોરમાં નદીમાં ન્હાવા પડેલા યુવાનો ડુબી ગયાની આશંકાથી શોધખોળ ચાલી રહી છે. ૨૪ કલાકથી વધુ સમયથી શોધખોળ ચાલી રહી હોવા છતાં બંને લાપતા યુવાનોના કોઈ જ સગડ મળ્યા નથી. પોલીસે ફાયરબ્રિગેડ અને તરવૈયાઓની મદદથી શોધખોળ જારી રાખી છે.

બે દિવસ પહેલા સાંજે સરખેજથી ૨૪ વર્ષિય મહેન્દ્રભાઈ બાભુભાઈ શ્રીમાળી તેના મિત્રો સાથે ગાંધીનગર નજીક ભાટ પાસેની નદીમાં ન્હાવા આવ્યો હતો અને ત્યાંથી લાપત્તા થઈ ગયો હતો. નદીમાં ડુબી ગયો હોવાની આશંકાને આધારે તેમાં શોધખોળ ચાલી રહી છે. જો કે હજુ સુધી તેના કોઈ જ સગડ મળ્યા નથી. તો બીજી તરફ સાદરા જક્ષિણી માતાના મંદિર પાછળ નદીમાં ન્વાહા પડેલા બે મિત્રો પૈકી એક ૨૫ વર્ષિય મંગાજી મોહનજી ઠાકોર નદીમાં ડુબી ગયો હતો. તેની પણ ફાયરબ્રિગેડ અને તરવૈયાઓની ટીમો મારફતે નદીમાં શોધખોળ ચાલી રહી છે. પરંતુ બંને યુવાનોની હજુ સુધી કોઈ જ ભાળ મળી નથી. બંનેની શોધખોળ જારી છે.

# ઈન્ટરનેશનલ કો-વર્કિંગ ડે મનાવાશે

ગાંધીનગર, તા. ૬

૮મી ઓગષ્ટનો દિવસ સમગ્ર વિશ્વમાં 'ઈન્ટરનેશનલ કો-વર્કિંગ ડે' તરીકે ઉજવાય છે. આઈટી તથા અન્ય ક્ષેત્રમાં રોજગારી નિર્માણ થાય તથા સ્ટાર્ટપ કરવા ઈચ્છતા વિદ્યાર્થી તથા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે ઈન્ફોસિટી, ગાંધીનગર તથા ૧૯૪૭ દ્વારા આખા ઓગષ્ટ માસ દરમિયાન 'ઈન્ટરનેશનલ કો-વર્કિંગ ડે'ની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓ અને ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે.

૮મી ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ 'આંતરરાષ્ટ્રીય કો-વર્કિંગ દિવસની ઉજવણી નિમિત્તે નવા ઉદ્યોગો સાહસિકો તથા પોતાના બિઝનેસની શરૂઆત કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ઈન્ફોસિટી તથા ૧૯૪૭ દ્વારા એક દિવસ બિઝનેસ કરવા માટે જગ્યા વિના મુલ્યે આપવામાં આવશે. વાઈફાઈથી માંડીને બિઝનેસને અનુરૂપ તમામ સગવડતા ધરાવતી જગ્યામાં ઉદ્યોગ સાહસિક પોતે સ્ટાર્ટપ કરીને બિઝનેસમેન તરીકેની અનુભુતિ મેળવશે. તથા પોતાની આઈડિયાઝ અને આવડતનો નિચોડનો ઉપયોગ કરીને બિઝનેસમેન તરીકે પ્રથમ પગલું માંડશે. વધુ માહિતી આપતા ડૉ. રાજેશ ભોજકે જણાવ્યું હતુંકે, '૧૯૪૭' તથા ઈન્ફોસિટી દ્વારા 'કો-વર્કિંગને પ્રોમોટ વિવિધ એક્ટીવીટીઝ તથા ઈવેન્ટ્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

૧૫મી ઓગષ્ટના રોજ 'આઈડિયાથોન'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બ્રાઈનસ્ટ્રોમનો જાદુ જોવા મળશે. આ ઈવેન્ટસ દરમિયાન નવીનતા ધરાવતા બિઝનેસ આઈડિયાઝને આકાર આપવામાં આવશે. ૨૨મી ઓગષ્ટે સ્ટાર્ટપ રાઉન્ડ ટેબલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 'વિવિધ સમસ્યાઓ, સ્ટાર્ટઅપને લગતા પ્રશ્નો તથા અન્ય બાબતોની ઈકો સિસ્ટમ અને સ્ટાર્ટઅપ પોલીસીને અનુલક્ષીને ચર્ચા કરવામાં આવશે તથા આ પ્રકારના પ્રશ્નનો સરળ અને બિન નુકશાનદાયક ઉકેલ લાવવાથી તજવીજ કરવામાં આવશે. ૩૦મી ઓગષ્ટના દિવસે સ્ટાર્ટઅપ લાવ ક્લિનિક અને બીઝનેસ હેલ્થ ક્લિમીકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્ટાર્ટઅપ કરવા ઈચ્છતા તમામને કાયદાકીય અને નાણાકીય બાબતોથી અવગત કરવામાં આવશે.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યો કરાયા

ગાંધીનગર, તા. ૬

નહેરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ભારે પૂરથી સર્જાયેલ તારાજીથી અસરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈ યુવાનોએ પૂર પીડિતોને ફૂડપેકેટ્સનું વિતરણ કર્યું હતું. આ રાહત કાર્ય માટે સ્થાનિક નહેરુ યુવા કેન્દ્રના યુવા કાર્યકરોની મદદ લેવાઈ હતી. બનાસકાંઠામાં સૌથી વધુ પૂરગ્રસ્ત વિસ્તારો જેવા કે સૂઈ ગામ અને વાવ તાલુકાના અસરગ્રસ્ત ગામોનુંયુવા કેન્દ્ર દ્વારા સર્વે કાર્ય હાથ ધરાયું હતુ તથા રાહત સામગ્રીનુંવિતરણ કરવામાં આવ્યુંહતું.

## ગુજરાત મંડપ એસો.ના ૨૩માં અધિવેશન માટે ફોર્મ ભરવા મીટીંગનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિએશનના સભ્યોને સુરત ખાતે તા. ૩ અને ૪ ઓક્ટોબર દરમ્યાન યોજાનાર ગુજરાત મંડપ એસોસિએશન ૨૩માં અધિવેશનમાં ભાગ લેવા ફોર્મ ભરવા નિમંત્રણ આપવામાં આવ્યું છે. આ અધિવેશનમાં ભાગ લેવા માટેના ફોર્મ તા. ૮મી ઓગષ્ટે જુના સચિવાલય કેન્ટિન સામેના ગાર્ડનમાં યોજાનાર મીટીંગમાં ભરવામાં આવશે.

ફોર્મ ભરવા માટે ફોર્મ ફી રૂ. ૨૫૦૦ અને બે ફોટા સહિત સભ્યોએ મીટીંગમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે. ઉપરોક્ત તારીખ બાદ ફોર્મ ભરવાની જવાબદારી એસોસિએશનની નહી રહે તેવી સાથે તાકીદ પણ કરવામાં આવી છે.

## અવસાન નોંધ

ગાંધીનગર, તા. ૬

સરદાર સરોવર નર્મદા નિગમના નિવૃત્ત કર્મચારી જેસિંગભાઈ ડાહ્યાભાઈ પટેલના ધર્મપત્નિ અને પ્રદીપ જેસિંગભાઈ તથા જયેશભાઈના માતૃશ્રી હીરાબેન જેસિંગભાઈ પટેલનું તા. ૫મી ઓગષ્ટે દુઃખદ અવસાન થવા પામ્યું છે.

સદ્‌ગતનું બેસણું તા. ૭મી ઓગષ્ટ શુક્રવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન વાવોલ ક-રોડ પર શાંતિવન ફલેટમાં બી-૩૪ ખાતે રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમના વતન માલપુર તાલુકાના લાલજીના પહાડીયા ગામે તા. ૯મી ઓગષ્ટે બેસણું રાખવામાં આવ્યું છે.

# શહેર કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ ડૉ. કૌશિક શાહે પદભાર સંભાળ્યો

ગાંધીનગર, તા. ૬

આગામી મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસનો પરચમ પુનઃ ફરકાવવાના મક્કમ નિર્ધાર સાથે શહેર કોંગ્રેસના કાર્યકરોને આજથી કામે લાગી જવા આહ્‌વાન કરતા નવા વિક્રમસિંહ ખાચર, મુકેશભાઈ પટેલ, જસુભા રાણા, ડૉ. સી.જે. ચાવડા, નિરિક્ષક અશ્વિનભાઈ પરમાર, ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય સુરેશભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં પોતાનો યોજવામાં આવશે. એન.એસ.યુ.આઈ., યુથ કોંગ્રેસ મહિલા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો, કોર્પોરેટરશ્રીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સૌ



નિમાયેલ શહેર પ્રમુખ ડૉ. કૌશિક પી. શાહે વિશાળ કાર્યકરોની ઉપસ્થિતિમાં સક્રિય અને અસરકારક કામગીરી કરવાની હાંકલ કરતા પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિશિત વ્યાસ, પ્રવક્તા હિમાંશુ પટેલ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહજી ડાભી, પૂર્વ શહેર પ્રમુખો પદભાર સંભાળ્યો હતો.

શહેર કોંગ્રેસ સમિતિની અખબારી યાદીમાં જણાવ્યું છે કે આગામી દિવસો 'ઓગષ્ટ ક્રાંતિ'નો મહિનો હોવાથી શ્રેણીબદ્ધ કાર્યક્રમો પ્રદેશ કોંગ્રેસ દ્વારા ઘોષિત કરવામાં આવ્યા છે જેનો તબક્કાવાર આગંતુકો, શુભેચ્છકો, કાર્યકરો અને આગેવાનો દ્વારા નવ નિયુક્ત પ્રમુખ ડૉ. કૌશિક શાહનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને સૌ સાથે મળી કોંગ્રેસનું સંગઠન વધુ મજબુત બનાવવા શપથ લીધા હતા.

# ઉત્સવોમાં ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિઓ વાપરવા અંગે વર્કશોપ

ગાંધીનગર, તા.૬

રાજયમાં નજીકના દિવસોમાં વિવિધ તહેવારોની સીઝનનો પ્રારંભ થનાર છે. આ તહેવારો દરમિયાન શ્રધ્ધાળુઓ દ્વારા પીઓપીની મૂર્તિઓનો બહોળો ઉપયોગ કરવામાં આવે છે જેના વિસર્જનના કારણે પર્યાવરણને ભારે ક્ષતિ પહોંચે છે. આગામી તહેવારોમાં રાજયમાં પીઓપીના સ્થાને માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓના ઉત્પાદનને વેગ મળે તે હેતુથી રાજયના કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હસ્તકની સંસ્થા જીએમકેઆરટીઆઈ દ્વારા તા. ૬ઠ્ઠી ઓગષ્ટ ગુરુવારે એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપના અધ્યક્ષ પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરીના હસ્તે ૧૦ લાભાર્થીઓને ટુલકીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા અમદાવાદના રામદેવનગર ખાતે સદવિચાર પરિવારના કોન્ફરન્સ હોલમાં યોજાયેલ આ વર્કશોપમાં પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓના બદલે માટીની મૂર્તિઓના ઉત્પાદન, વેચાણ અને વિસર્જનને પ્રોત્સાહન મળે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. વર્કશોપમાં પૂર્વ મુખ્ય સચિવ પી.કે.લહેરી, જી.એમ.કે.આર.ટી. આઈ.ના નિયામક પી.કે. પટેલ, અમદાવાદના પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ જિલ્લા કલેકટર, કુટીર અને ગ્રામોદ્યોગ સચિવ સહિત મહાનુભાવો ઉપસ્થતિ રહ્યા હતાં. પ્રોજેકટ મેનેજર આર.કે. પટેલે સમારંભના અંતે આભારવિધિ પ્રગટ કરી હતી.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરમાં આજે મોઝામ્બીકાના પ્રમુખ મહાત્મા મંદિર, દાંડીકુટિર તથા પી.ડી. પી.યુ. યુનિ. ખાતે જશે.

● છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી રમણસિંહ આજે સાંજે ગાંધીનગરની ઉડતી મુલાકાતે આવી રહ્યા છે. તેઓ સ્વર્ણિમ સંકુલમાં રાજયના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરનાર છે.

● પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ જુનિયર કલાર્ક, ફિમેલ હેલ્થવર્કર, મલ્ટીપરપઝ હેલ્થવર્કરની સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ જાહેર થયા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલની આજે સ્વચ્છતા અભિયાન અંતર્ગત તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કાળુસિંહ રાઠોડે મુલાકાત લીધી હતી.

● તલાટી સંવર્ગની રદ કરાયેલી પરીક્ષા હવે ૨૩ ઓગષ્ટના રોજ યોજાશે. જિલ્લાના ૨૦ હજારથી વધુ પરીક્ષાર્થીઓ આ પરીક્ષા આપશે.

● ૧૫મી ઓગષ્ટની ઉજવણી અંગે આજે મ્યુનિ. કમિશનરે મનપાના અધિકારીઓ સાથે બેઠક યોજી ચર્ચાઓ કરી આયોજન હાથ ધર્યુ છે.

**રક્તદાન મહાદાન**


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





શુભારંભ

ગરીબ કલ્યાણ મેળા- ૮ મો તબકકો

એક જ સ્થળે - એક જ સમયે લાભાર્થીઓને સીધી સહાય

રાજયમાં ૭ થી ૯ ઓગષ્ટ અને ૨૧ થી ૨૩ ઓગષ્ટ સુધી એમ બે તબક્કામાં યોજાશે ૧૨૮ ગરીબ કલ્યાણ મેળા

- ૧૩ લાખ લાભાર્થીઓને અંદાજીત રૂા.૧૬૬૪ કરોડની સહાય
  - ૧.૦૦ લાખ સ્વરોજગાર કીટનું વિતરણ
  - સરસ્વતી સાધના યોજના હેઠળ ૨,૦૦,૦૦૦ સાયકલોનું વિતરણ
  - આવાસ યોજનાઓ હેઠળ ૧.૩૫ લાખથી વધુ લાભાર્થીઓને મકાન બાંધકામ સહાય
- શહેરી વિકાસ, મહેસૂલ, પંચાયત, આરોગ્ય, કૃષિ-પશુપાલન, ઉદ્યોગ વગેરે ૨૨ વિભાગોની બેંકેબલ તથા સહાયની ૩૬૦ થી વધુ યોજનાઓના લાભોનું થશે વિતરણ
- અત્યાર સુધીના ૭ તબક્કામાં ૧૨૨૫ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૮૯.૪૮ લાખ લાભાર્થીઓને રૂા.૧૩૩૮૮ કરોડની સીધી સહાય

મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ:

| | |
|---|---|
| તા.૭-૮-૨૦૧૫ | બોચાસણ,આણંદ |
| તા.૮-૮-૨૦૧૫ | વઘઈ,ડાંગ |
| તા.૯-૮-૨૦૧૫ | કઠલાલ,ખેડા |

"રાજ્ય સરકારે ગરીબોને ઓશિયાળાપણાથી મુક્ત કરવા ગરીબ કલ્યાણ મેળાનો જનસેવા યજ્ઞ લઈને છેવાડાના માનવીના ઘર સુધી પહોંચી સ્વમાનથી જીવનનિર્વાહનું સામર્થ્ય આપ્યું છે."

-શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી

માહિતી ૨૦૧૫-૧૬ (૧૬-૨)